શ્રી મહાવીરસ્વામિને નમઃ

પરમોપાસ્ય શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરેભ્યો નમઃ



# શ્રી વિ. નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ સ્મૃતિ શ્રેણી

## પુસ્તિકા ૬

ધર્મ શ્રવણ કરે તે શ્રાવક : ધર્મ શ્રવણનું ફળ વિરતિ :
પાપથી અટકવું-નિયમ લેવો તે વિરતિ :
વિરતિનું ફળ જન્મ-મરણથી મુકિત તે મોક્ષ :

# ગૃહસ્થ ધર્મના બાર વ્રતો :

પ્રેરણા દાતા
પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ
પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

સંચયકાર મુનિ કુશલચંદ્રવિજયજી મ.

સૌજન્ય

શ્રી મોતીશા લાલબાગ ચેરીટી ટ્રસ્ટના જ્ઞાન ખાતા તરફથી
પ. પૂ. સાધુ-સાધ્વીજી મહારાજશ્રીઓ તથા જ્ઞાન ભંડારોને ભેટ
ભુલેશ્વર, પાંજરાપોળ કમ્પાઉન્ડ, મુંબઇ-૪૦૦ ૦૦૪.

સંવત. ૨૦૩૭ આવૃતિ- ચોથી સને:- ૧૯૮૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## -: શ્રી વિજય નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ સ્મૃતિ શ્રેણિઓ :-

( પ્રકાશન પ્રારંભ-સં. ૨૦૩૩ પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦ ૦૦૪. )

| શ્રેણિ નંબર | પુસ્તિકાનું નામ | આવૃત્તિ | કુલ સંખ્યા |
|---|---|---|---|
| (૧) | શ્રી ૭ કર્તવ્યોની મંગલમય નિયમાવલી | આઠ | ૧૯૦૦૦ |
| (૨) | નવકારમંત્ર આરાધના - પ્રભાવ | ત્રણ | ૧૨૦૦૦ |
| (૩) | બાવીસ અભક્ષ્યો-બત્રીસ અનંતકાય | પાંચ | ૧૫૦૦૦ |
| (૪) | માનવભવમાં માર્ગાનુસારીના ૩૫ ગુણો | ચાર | ૧૩૦૦૦ |
| (૫) | શ્રી અષ્ટ પ્રકારી દેવપૂજન વિધિ | ચાર | ૧૩૦૦૦ |
| (૬) | ગૃહસ્થ ધર્મના બાર વ્રતો | ચાર | ૧૩૦૦૦ |
| (૭) | હૈયાની શુદ્ધિ-મૈત્રિ ચાર ભાવનાઓ | ત્રણ | ૧૨૦૦૦ |
| (૮) | શ્રી અચિંત્ય ચિંતામણી સામાયિક | ત્રણ | ૧૨૦૦૦ |
| (૯) | મહામંગલકારી તપોધર્મ ને વીશ સ્થાનક તપ | ચાર | ૧૩૦૦૦ |
| (૧૦) | અંતિમ સમાધિ મરણ | ત્રણ | ૧૨૦૦૦ |
| • | દશ પુસ્તિકાની માર્ગદર્શીકા (પ્રશ્નોત્તરી) | એક | ૩૦૦૦ |
| • | એક લાખ સાડત્રીસ હજાર ... ... ... ... .. કુલ્લે સંખ્યા : | | ૧,૩૭,૦૦૦ |

## -: છઠ્ઠી પુસ્તિકાના છ ચિત્રનો પરિચય :-

ચિત્ર નંબર ૧- ઇંગાલકર્મ- વનકર્મ- સાડીકર્મ- ભાટીકર્મ- ફોડીકર્મ- એ પાંચ કાર્યો નહીં કરવા માટેના દશ્યો.

ચિત્ર નંબર ૨- દંતવાણિજ્ય- લાખવાણિજ્ય- રસવાણિજ્ય- કેશવાણિજ્ય- વિષવાણિજ્ય- એ પાંચ પ્રકારના વેપાર નહિ કરવાના દશ્યો.

ચિત્ર નંબર ૩- યંત્રપિલણકર્મ- નિર્લાંછિંનકર્મ- દવકર્મ- શોષણકર્મ- અસતી પોષણકર્મ- એ પાંચ પ્રકારના કાર્યો નહિ કરવાના દશ્યો.

ચિત્ર નંબર ૪- ચૌદ નિયમોમાથી અપકાય અને વનસ્પતિકાય અને ઘોડાગાડી વગેરે નિયમોની સમજણના દશ્યો.

ચિત્ર નંબર ૫- સુવ્રત શેઠ પૌષધમાં છે- ચોરો ચોરી કરે છે- આગ લાગે છે છતાં સ્થિરતા રાખે છે તેના દશ્યો.

ચિત્ર નંબર ૬- આનંદ-કામદેવ વગેરે દશ શ્રાવકો-શ્રાવિકાઓ પ્રભુ પાસે વ્રતો ગ્રહણ કરે છે તેના દશ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 卐 પ્રાસંગિક 卐

◆ પ્રભુએ કર્મથી મુકત થવા સર્વ વિરતિ ધર્મ (સાધુ ધર્મ)ના પાંચ મહાવ્રતો બતાવેલ છે તથા દેશ વિરતિ ધર્મ (ગૃહસ્થ ધર્મ) એમ પ્રભુએ બે ધર્મો બતાવેલ છે. જેઓથી સાધુ ધર્મ ન સ્વીકારી શકાય તેઓ માટે ગૃહસ્થ ધર્મ બતાવેલ છે. તેનાં બાર વ્રતો છે. તેમાં પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો ને ચાર શિક્ષાવ્રતો છે.

◆ સર્વતીર્થંકરોએ અહિંસારૂપ એક જ વ્રત બતાવેલ છે, પરંતુ એક અહિંસા વ્રતના રક્ષણ માટે બીજા વ્રતો બતાવેલ છે. તે નાના હોવાથી અણુવ્રતો શ્રાવક માટે કહેવાય છે.

◆ **अहिंसा परमो धर्म** એ સર્વ જીવો ૭ પ્રકારના છે: પૃથ્વીકાય–અપકાય–તેઉકાય–વાઉકાય–વનસ્પતિ ને ત્રસકાય–એ ૭ કાયનું સર્વથા રક્ષણ સાધુપણામાં થઇ શકે છે.

ગૃહસ્થો સંસારમાં રહીને સર્વથા જીવોનું રક્ષણ કરી શકે નહિ. સાધુઓએ સર્વથા જીવોની હિંસા ન કરવી. તે વીશ વસા (વીશભાગ) અહિંસા ગણાય છે. જ્યારે ગૃહસ્થો સવા વસા (સવા ભાગ)ની ઉત્કૃષ્ટી દયા પાળી શકે છે.

# 卐 વીશ વસા દયાની સમજણ 卐

જીવો બે પ્રકારના છે, ત્રસ અને સ્થાવર. ત્રસ એટલે હાલતા ચાલતા જીવો બેઇંદ્રિયથી પંચેંદ્રિય સુધીના છે.

સ્થાવર–સ્થિર રહે તે. સ્થાવર પાંચ પ્રકારના છે:–

પૃથ્વીકાય–અપકાય–તેઉકાય–વાયુકાય ને વનસ્પતિકાય।
  ૧      ૨      ૩      ૪      ૫

## વીસ વસાની સમજણ:–

૨૦: ત્રસ અને સ્થાવરની અહિંસા સાધુઓ સર્વથા પાળી શકે. તે સાધુની વીશ વસા અહિંસા છે.

૧૦:–ગૃહસ્થો સ્થાવર જીવોનો બચાવ કરી શકે નહિ તેથી તેટલા ઓછા.

૫:–ગૃહસ્થો અપરાધી ત્રસ જીવોનો બચાવ કરી શકે નહિ તેથી તેટલા ઓછા.

૨ાા:– ગૃહસ્થો વ્યવહાર ઉપયોગી આરંભ કાર્યમાં ત્રસ જીવોને બચાવી શકે નહિ.

૧ા:– ગૃહસ્થો સાપેક્ષ પણ સંકલ્પપણે ત્રસ જીવોનો બચાવ કરી શકે નહિ.

**ભાવાર્થ**: ◆ ગૃહસ્થો ત્રસ જીવોનો નિરપરાધી–અનારંભપણામાં–નિરપેક્ષપણે બચાવ કરી શકે, તે ફકત સવા વસા દયા વધુમાં વધુ પાળી શકે છે.

◆ નિરપરાધી– ત્રસ જીવોને– આરંભ વિના– નિરપેક્ષપણે– સંકલ્પીને– મારવાની બુદ્ધિથી મારવા નહિ તે સવા વસા દયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## —:મન્હજિણાણંની સજ્ઝાયમાં શ્રાવકના ૩૬ કર્તવ્યોઃ—

- શ્રાવક પૌષધ કરે છે ત્યારે આ સજ્ઝાય ખાસ બોલવાની હોય છે.
- આ સજ્ઝાય તેરમી સદીમાં **શ્રી ધર્મ ઘોષ સૂરિના શિષ્ય શ્રી મહેન્દ્ર-સૂરીશ્વરજી** એ રચેલી છે.

(૧) શ્રી જિનેશ્વરની આજ્ઞા પાળવી.
(૨) મિથ્યાત્વનો ત્યાગ કરવો.
(૩) સમ્યક્ત્વને ધારણ કરવું.
(૪ થી ૯) **છ આવશ્યકો** (પ્રતિક્રમણ) સવાર સાંજ કરવા.
**સામાયિક-ચઉવિસત્થો-વંદન પ્રતિક્રમણ-કાઉસગ્ગને પચ્ચખાણ**
(૧૦) પર્વનાદિવસો એ પૌષધ કરવો.
(૧૧) યથાશક્તિ દાન કરવું.
(૧૨) સદાચારી બનવું.
(૧૩) યથાશક્તિ તપ કરવો.
(૧૪) આત્મ ભાવના ભાવવી.
(૧૫) સ્વાધ્યાય કરવો.
(૧૬) નમસ્કાર મંત્રનો જાપ કરવો.
(૧૭) પરોપકાર કરવો.
(૧૮) જયણાનું પાલન કરવું.
(૧૯) શ્રી જિનેશ્વરની ત્રિકાળપૂજા કરવી.
(૨૦) શ્રી જિનેશ્વરની સ્તવના કરવી.
(૨૧) ગુરૂની સ્તુતિ કરવી.
(૨૨) સાધર્મિક ભક્તિ કરવી.
(૨૩) વ્યવહાર શુદ્ધિ રાખવી.
(૨૪) રથયાત્રા કરવી.
(૨૫) તીર્થયાત્રા કરવી.
(૨૬) ઉપશમ ધારણ કરવો.
(૨૭) વિવેક ધારણ કરવો.
(૨૮) સંવર=સામાયિક વગેરે કરવાં.
(૨૯) ભાષાસમિતિ રાખવી. (પ્રિય-પથ્ય-નેતથ્ય બોલવું)
(૩૦) ધર્મિજીવોની સોબત કરવી.
(૩૧) છ કાયના જીવોની કરૂણા રાખવી.
(૩૨) ઇંદ્રિયોને વશ રાખવી.
(૩૩) ચારિત્રની ભાવના રાખવી.
(૩૪) ચતુર્વિધ સંઘનું બહુમાન કરવું.
(૩૫) પુસ્તકો લખાવવા.
(૩૬) તીર્થપ્રભાવના કરવી.

- પૂર્વના શ્રાવકો વ્રતો નિયમો લઇ દૃઢ રીતે પાળતા હતા – તેઓ સંયમ ન લેવાય પરંતુ સંયમની તુલના ગૃહસ્થ પણામાં કરતાં હતાં.
- ચાલુ સમયમાં ૨/૪ વ્રતો – નિયમો લઇ અભ્યાસ પાડવો જે અભ્યાસ વડે ભવાંતરમાં તે સંસ્કાર ઉદયમાં આવે તો પરંપરાએ કર્મથી મુક્ત થઇ પરમપદને પમાય છે. જીવનમાં સંસ્કાર પડે તેજ માનવજીવનની સફળતા છે.
- પ્રભુ વીરે સાધુઓને સ્થિર કરવા શ્રાવકોના દૃષ્ટાંતો આપતા હતાં ને જણાવતાં કે ગૃહસ્થો કેવાં દૃઢ વ્રતો પાળે છે.
- પૌષધ કરનાર ગૃહસ્થ તેમજ સાધુઓને સંથારા પોરસી રાતે ભણાવતી વખતે– સંથારા પોરસી સૂત્ર બોલાય છેઃ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सागरचंदो कामो चंदवडिंसो, सुदंसणो धन्नो;
जेसिंपीषह पडिमा, अखंडिआ जीविअं ते वि ॥
धन्ना सलाहणिज्जा, सुलसा आनंद कामदेवा;
जास पसंसइ भयवं दढव्वय तं महावीरो ॥

**ભાવાર્થ-**

સાગરચંદ્રરાજર્ષિ-ચંદ્રાવતંસ રાજા-સુદર્શન શેઠ- ધન્ય છે જેમની પૌષધની પડિમા અખંડિત રહી-ખંડિત ન થઇ અને જીવનના અંત સુધી પાળી.-તે ધન્ય છે-પ્રસંસનીય છે. ભગવાન મહાવીરની શ્રાવિકા સુલસા આનંદ અને કામદેવ શ્રાવકો જેમના દ્દઢ વ્રત પણાને શ્રમણ ભગવાન મહાવીર પ્રશંસે છે.

✤ સાતમા ઉપાશક દશાંગ સૂત્રમાં-દશ શ્રાવકોના ચરિત્રો છે તેના નામો નીચે મુજબ છે

આનંદ (૧) શ્રાવક-કામદેવ (૨)-ગાથા પતિ ચુલણિ પિતા (૩)- સુરાદેવ (૪)-ચુલ્લ શતક (૫)
ગાથા પતિ કુહકોલિક (૬)-શબ્દાલ પુત્ર (૭)-મહાશતક (૮)-નંદીની પિતા (૯)
શાલીહિ પિતા (૧૦) •

✤ પૂર્વના શ્રાવકો અગીયાર પડિમા વહન કરતા હતા તેનું સ્વરૂપ નીચે મુજબ છે:

(૧) **દર્શન પડિમા** : સુદેવ, સુગુરૂ ને સુધર્મ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી સમ્યક્ત્વ સ્વીકારે ૭ આગારો રાખે નહિ-દર્શનાચારના આઠ પ્રકારો સારી રીતે નિરતિચાર પાળે.

(૨) **વ્રત પડિમા** : પ્રાણીવધ, અસત્ય ભાષણ, અદત્તગ્રહણ, અબ્રહ્મસેવન અને પરિગ્રહ વગેરે વ્રતો ગ્રહણ કરે-તેના અતિચારોને છોડે-ધર્મશ્રવણમાં પ્રવર્તે અને અનુકંપાથી ભાવિત રહે.

(૩) **સામાયિક પડિમા** : ઉદાસીનતા, માધ્યસ્થ, સંકલેશની વિશુદ્ધિ અનુકુળતા અસંગપણું એ પાંચ ગુણોનો સમુદાય તે સામાયિકપડિમા ઉત્કૃષ્ટી પરિમિત કાળ સુધી પાળે.

(૪) **પૌષધપડિમા**-પૂર્વપૂર્વની પડિમાઓનું (૧થી૩) પાલન કરતો પર્વતીથીએ પૌષધ સ્વીકારે-અતિચારોને તજે- આહાર વગેરેનું સમ્યગ્ અનુપાલન કરે.

(૫) **પ્રતિમા પડિમા**- પૌષધ પડિમામાં રાત્રે કાઉસગ્ગ કરે-પૌષધ સિવાયના દિવસોમાં સ્નાન કરે નહિં-દિવસેજ જમે- જિનેશ્વરનું ધ્યાન ધરે- અને **પાંચ મહિના** પૂર્વની પડિમાઓ સહિત પાલન કરે.

(૬) **અબ્રહ્મવર્જનપડિમા**- બ્રહ્મચર્ય પાળે શરીર શોભા કરે નહિં-સ્ત્રી સાથે એકાંતમાં બેસે નહિં. અતિપરિચય કરે નહિ. શૃંગારી વાતો કરે નહિં- **છ મહિનાપાલન કરે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) **સચિત્તત્યાગપડિમા**- પૂર્વપડિમાના ગુણવાળો અપ્રમત રહે- સચિત્તનો ત્યાગી બને અને **સાત મહિના સુધી** પૂર્વપુર્વની પડિમાનું પાલન કરતો રહે.

(૮) **આરંભવર્જન પડિમા** :- પુર્વે શરૂ કરેલા આજીવિકા માટેના આરંભો- પોતે સ્વયંકરે નહિ. નોકરો કરે તેની જયણા રાખે- પુર્વનીપડિમા સહિત **આઠ માહિના પાળે.**

(૯) **પ્રેષ્ય વર્જન પડિમા**:- પુત્ર કે નોકરોને ઘરનો ભાર સોંપી-લોક-વ્યવહારથી મુકત થઈ મંદમમતવાળો-પરમ સંવેગી બની-નોકરો મારફત પાપારંભ કરાવે નહિં. અને **નવમાહિના સુધી પૂર્વની** પડિમા સહિત પાલન કરે.

(૧૦) **ઉદ્દિષ્ટ વર્જન પડિમા**- પોતાના માટે કરેલા ભોજનને વાપરે નહિ-લેણદેણનું પુછે તો પેતે જાણુતો હોય તો કહે- અને પુર્વની પડિમા સહિત દશ મહિના પાળે.

(૧૧) **શ્રમણ ભૂત પડિમા**- લોચ કરાવે- રજો હરણાદિક ઉપકરણો ધારક સાધુ જેવો થઇ રહે અને દઢતાથી વિચરે-સ્વજનોને મળવા જાય-સાધુની જેમ આહાર પાણી ગ્રહણ કરે- જતાં પહેલાં બનેલો આહાર કલ્પે પછીનો બનેલો આહાર કલ્પે નહિં ઘરમાં પેસતાં બોલે- "અહો! પડિમા ધારી ગૃહસ્થને ભિક્ષા આપો" બીજા કોઇ પુછે તો કહે-"હું શ્રાવકની પડિમા સ્વીકારેલો શ્રાવક છું" એમ જવાબ આપે.

- ઉત્કૃષ્ટથી ૧૧ મહિના પાળે- જઘન્યથી તો શેષ પડિમાઓમાં એક બે દિવસ પણ પાળે પડિમાઓ પુરી થાય- ઘેર રહેવા છતાં પાપ વ્યાપારથી મુકત રહે- પેતાનુ ધન સાત ક્ષેત્રોમાં વાપરે-સંભાળે-ચિંતા રાખે. આનંદ શ્રાવકે ૧૧ પડિમા વહેન કરી હતી.

- **આનંદ શ્રાવકનું દૃષ્ટાંત**-

વાણિજય ગ્રામ નામનું એક નગર હતું ત્યાં જિત શત્રુ નામનો રાજા હતો. તે નગરમાં આનંદ નામનો ગૃહપતિ રહેતો હતો તે ક્રોડાધિપતિ ધનવાન હતો. તેની પાસે ચાર ક્રોડ સોનામહોર રોકડા-ચાર ક્રોડ સોના મહોર વેપારમાં, ચાર ક્રોડ સોના મહોરના દાગીના અલંકારો-અને ચાર ક્રોડ સોના મહોર-મકાન-જમીન-ધન-ધાન્ય-પશુ- વગેરેમાં રોકાઇ હતી.
ચાર ગોકુળ (૧૦ હજાર ગાયનું એક ગોકુળ) હતા.

- તે બહુ રાજમાન્ય હતો અને પ્રજામાં પ્રતિષ્ઠીત આગેવાન તરીકે તેની ગણના થતી હતી તે નગરમાં કોલ્લાક સન્નીવેશ (મહોલ્લો) રહેતો હતો તેની સ્રીનું નામ શીવાનંદા હતું ત્યાં પ્રભુવીર એક સમયે પધાર્યા હતા. તેની દેશના સાંભળી ૫૦ વરસની ઉંમરે બાર વ્રતો સ્વીકાર્યા હતા

- બાર વ્રતોનું પાલન કરતાં ૧૪ વરસ પછી પંદરમાં વરસે કુટુંબીઓને બોલાવી -જમાડી પુત્રોને ઘરનો કારભાર સર્વના દેખતાં સોંપ્યો અને જણાવ્યું કે હું હવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

1 ઈંગાલ કર્મ: ચુનો-ઈંટ-નળીયા-કુંભાર-ભાંડભુંજા-હોટલો ફાર્મસી આદિ. ભઠ્ઠીથી થતા કાર્યો-કરવા કરાવવા-વેપાર કરવો નહિ.



૨ વનકર્મ: વનવાડી-બગીચા બનાવવા તેમજ ફળ-ફૂલ-શાક-અનાજ વનસ્પતિનો વહેપાર કરવો નહિ



૩ સાડીકર્મ: ગાડી-ગાડા-મોટર-જહાજ-વિમાનાદિ વાહનો તૈયાર કરાવવા ને વેપાર કરવો નહી



૪ ભાડી કર્મ-ગાડી-ઘોડા-મોટર સાયકલ-રીક્ષા વિગેરે ભાડે ફેરવવાનો ધંધો કરવો નહિ.



૫ ફોડીકર્મ: કુવા-તળાવ-સરોવર-બંધ-બોરીંગ-વોટર વર્કસ વિ. જમીન ફોડવાનો વેપાર કરવો નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૌષધ શાળામાં રહીશ. તમારે મને કોઈપણ વ્યવહારિક કાર્યોમાં મારી સંમતિ લેવી નહિ તેમ જણાવી પોતે પૌષધ શાળામાં ધર્મનું પાલન કરી રહ્યા છે. કાર્યોત્સર્ગ કરતાં એક દિવસે કોઈ કુતુહલ દેવે તેના કસોટી કરી તે સમયે તેના વ્રતમાં દૃઢ રહ્યા હતા

- આનંદ શ્રાવકને ૧૧ પડિમાનું વહન કરતાં સુકાઈ ગયા ત્યારે મરણાંતિક સંલેખના કરીને શુભ પરિણામથતાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે સમયે શ્રી ગૌતમ સ્વામિ ગૌચરી નીકળ્યા છે. તેમને આનંદ શ્રાવકને અવધીજ્ઞાન થયાના સમાચાર સાંભળી તેઓ આનંદ શ્રાવકને ઘેર આવે છે.

- આનંદ શ્રાવક શ્રી ગૌતમ સ્વામિને વંદન કરે છે ને જણાવ્યું કે મને અમુક ક્ષેત્ર સુધીનું અવધીજ્ઞાન થયું છે અને જોઉં છું ત્યારે ગૌતમ સ્વામિએ કહ્યું કે શ્રાવકને તું કહે છે તેટલું જ્ઞાન થાય નહિં. માટે તું પ્રાયશ્ચિત લે?

- આનંદ કહે છે કે 'જિન શાસનામાં સત્યનું પ્રાયશ્ચીત લેવાનું કહ્યું છે ખરૂં?' ગૌતમ સ્વામિ કહે છે કે "સત્યનું પ્રાયશ્ચિત ન હોય?" ગૌતમને શંકા થતાં હું પ્રભુને પુછીશ?

- પ્રભુ પાસે ગૌતમ સ્વામિએ આવી પૂછયું કેઃ હે પ્રભુ? આનંદને કે મારે આલોચના લેવી જોઈએ! ભગવંત કહે કે હે ગૌતમ! તું આલોચના કર અને આનંદની ક્ષમા માંગ. ગૌતમ ગણધરે આલોચના કરી અને આનંદની ક્ષમા માંગી.

કેવી સરળતા! નમ્રતા! ભક્તિભાવ!

- આનંદ શ્રાવકે ૨૦ વરસ સુધી શ્રાવક ધર્મ પાળ્યો. ૧૧ પડિમા વહન કરી અને એક મહિનાની સંલેખના કરી સમાધિથી કાળ ધર્મ પામી સૌધર્મ દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થઈ ત્યાંથી ચવી મહાવિદેહમાં મોક્ષે જશે.

પૂર્વના શ્રાવકો વ્રતો સ્વીકારી કેવી સ્થિરતા રાખતા હતાં તો આપણે પણ માનવજીવનમાં ધર્મ સાંભળી થોડા ઘણા ૧/૨ વ્રતો સ્વીકારીને પણ જીવન ધન્ય બનાવીએ એ જ માનવ જીવન પામ્યાનો સાર છે.

### ❖ સાચા સુખનો માર્ગ ❖

आपदां कथितःपन्था इन्द्रियाणाम् असंयमः ।
तज्जय संपदां मार्गो, येनेष्टं तेन गम्यताम् ॥

ઈંદ્રિયોનો અસંયમ એ દુઃખનો માર્ગ છે, ઈંદ્રિયોનો સંયમ એ સુખનો માર્ગ છે. તને યોગ્ય લાગે, તે માર્ગે તું જા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* જડ જેવી વસ્તુઓ પણ જો અંકુશ મૂકીએ તો ધાર્યા કાર્યો આપે છે, તો માનવો વ્રતો પણ અંકુશરૂપી નિયમો-ગ્રહણ કરે તો કર્મથી મુકત થઇ, જન્મ મરણનો નાશ કરી, પરમ-પદ મેળવી શકે છે. માટે યથાશકિત નિયમો-વ્રતો ગ્રહણ કરવા જોઇએ. નવા પાપના દરવાજા બંધ કરી, સંચિત પાપો દૂર કરવા ધર્મ કરવાનો છે

(વધુ માટે-શ્રી ગૃહસ્થના ૭ કર્તવ્યોની મંગળમય નિયમાવલી શ્રેણી નં. ૧ વાંચવી.)

## —: સમ્યકૃત્વ :—

* બાર વ્રતો ગ્રહણ કરતાં પહેલાં સમ્યકૃત્વ-એટલે શ્રદ્ધા ખાસ કરીને જરૂરી છે. શ્રદ્ધા ન હોય તો બાકીના વ્રતો એકડા વગરના મીંડાં જેવાં છે, માટે પ્રથમ સમ્યકૃત્વ બાર વ્રતો કે કોઇ પણ વ્રત સાથે લેવાનું છે.
* શ્રદ્ધા :– જીવ-અજીવ-પુણ્ય- પાપ- આશ્રવ-સંવર-નિર્જરા-બંધ- મોક્ષ
  ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯

એ નવ તત્ત્વ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા તે સમ્યકૃત્વ છે.

**સુદેવ** :– નવતત્ત્વને બતાવનાર- અઢાર દુષણો રહિત એવા અરિહંત ને સિદ્ધને શુદ્ધ દેવ તરીકે માનવા.

**સુગુરુ** : પંચમહાવ્રતના પાળનાર શુદ્ધ ધર્મ પ્રરુપક- કંચન કામિનીના ત્યાગી-ચારિત્ર પાળનારને શુદ્ધ ગુરુ માનવા.

**સુધર્મ** :–શ્રી કેવળી ભાષિત અહિંસા-સંયમ ને તપ પ્રધાન એવો શુદ્ધ ધર્મ માનવો.

નિયમ :–સુદેવ-સુગુરુ ને સુધર્મ ને તરણ તારણ માની મોક્ષ સુખના દાતારને ધર્મ બુદ્ધિએ માનવા-તે સિવાય અન્યને તે બુદ્ધિએ માનવા નહિ-નમસ્કાર કરવો નહિ, અન્ય બુધ્ધિએ વ્યવહાર સાચવવા પુરતા માનવા અગર કરવો પડે તેની જયણા.

## —: પાંચ અતિચાર તજવા :—

(૧) શંકા :– પ્રભુના વચનમાં શંકા કરવી નહિ.

(૨) આકાંક્ષા : બીજા ધર્મોની વાતોમા લોભાઇ તે ધર્મને સાચો માનવો નહિ.

(૩) વિચિકિત્સા :– ધર્મ ક્રિયાના ફળમાં શંકા રાખવી નહિ ત્યાગ માર્ગ વખોડવો નહિ.

(૪) મિથ્યાત્વની પ્રશંસા :– મિથ્યાત્વીના ઐહિક સુખનો ઉપદેશક્રિયા વ્યવહારને વખાણવાં નહિ

(૫) પરિચય :–મિથ્યાત્વીનો વધુ પરિચય કરવો નહિ. મિથ્યાત્વીનો બહુ વિશ્વાસ કરવો નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## -: છ જયણા :-

(૧) શાસન દેવ દેવીઓ, માણીભદ્ર, ગોત્રજ, સરસ્વતી, લક્ષ્મીદેવી, વહીપુજન, લક્ષ્મી પુજન, વગેરેને સહાયક તરીકે માનવા પુજવા તે જયણા.

(૨) શરમ, દક્ષિણ્યતા, માસ્તર, કલા શિક્ષક, વકીલ, આગેવાનો વગેરેને વ્યવહારથી, ઉપકારથી નમસ્કારની જયણા.

(૩) શ્રાધ્ધ, ગોરણી, અજૈન ઉત્સવો ધર્મ બુધ્ધિથી માનવા નહિ. દક્ષિણ્યતાથી માનવા તે જયણા.

(૪) વ્યવહારથી, ઉપકાર બુધ્ધિથી કરવું પડે તે જયણા.

(૫) ભૂલથી તત્ત્વને અતત્વ, અધર્મને ધર્મ મનાઇ જાય તે જયણા.

(૬) દેવ-ગુરુ-ધર્મના સોગન ખાવા નહિ પરંતુ સત્ય વાત માટે જયણા.

## -: ચાર આગાર :-

(૧) ખ્યાલ બહાર થઇ જાય

(૨) ઉતાવળે ભૂલ થઇ જાય

(૩) મોટા લાભ માટે કરવું પડે

(૪) બેભાનપણાથી થાય

## પાંચ અણુ વ્રત :

૧. સ્થૂલ પ્રાણાંતિપાત વિરમણ વ્રત
૨. સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત
૩. સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત
૪. સ્થૂલ મૈથુન વિરમણ વ્રત
૫. સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત

## ત્રણ ગુણ વ્રતો :

૬. દિશા પરિમાણ વ્રત
૭. ભોગોપભોગ વિરમણ વ્રત
૮. અનર્થ દંડ વિરમણ વ્રત

## : ચાર શિક્ષા વ્રતો :

૯. સામાયિક વ્રત
૧૦. દિશાવગાસિક વ્રત
૧૧. પૌષધ
૧૨. અતિથિ સંવિભાગ વ્રત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૧) પહેલું વ્રત
# સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત

+ કોઇપણ નિરપરાધિ ત્રસ (હાલતા ચાલતા) જીવને ઇરાદાપૂર્વક-સંકલ્પીને, વિનાકારણ જાણી જોઇને મારવાની બુદ્ધિએ મારવા નહિ-બીજાને બચાવવા પ્રયત્ન કરવો.

પાંચ અતિચાર ટાળવા :—

( દોષ ન લાગે તેની કાળજી રાખવી ).

(૧) તીવ્ર ક્રોધથી મરી જશે તેની પણ દરકાર કર્યા વગર મનુષ્ય તથા પશુ પક્ષીને બાંધવા—મારવા.

(૨) વિના પ્રયોજને ક્રોધના આવેશથી ચામડી છેદવી.

(૩) જનાવરો કે મનુષ્યો ઉપર તેમની શકિત ઉપરાંત ભાર ભરવો કે કાર્ય કરાવવું.

(૪) મરણ થાય તેવા મર્મ સ્થાનમાં પ્રહાર કરવો.

(૫) નિશ્રામાં રહેલા મનુષ્યો તથા જનાવરોને ભૂખ્યાં રાખવા.

# (૨) બીજું સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત

+ **પાંચ મોટા જૂઠાનો ત્યાગ કરવો :—**

(૧) **કન્યા સંબંધી :**— સગપણ વિવાહાદિક, રૂપ, ઉંમર, ગુણ કે આદત સંબંધી જૂઠું બોલવું નહિ.

સલાહ માગે તો 'ભાઇ, આમાં તો તમારે જિંદગી નિભાવવાની છે. માટે તમને ઉચિત લાગે તેમ કરો', પરંતુ જૂઠું કાંઇ બોલવું નહિ.

(૨) **પશુ સંબંધી:**— ગાય—ભેંસ વગેરે ચોપગાં જાનવરનાં દૂધ, ઉંમર, વેતર કે આદત સંબંધમાં જૂઠું નહિ.

(૩) **ભૂમિ સંબંધી:**—જમીન, ખેતર, મકાન, દુકાન, વાડી વગેરેમાં સામાન માટે અથવા કેસમાં નુકશાની પહોંચાડવા જૂઠું બોલવું નહિ.

(૪) **થાપણ સંબંધી:**— પારકા નાણાં—વસ્તુઓ મૂકી ગયા તે ઓળવવા નહિ.

(૫) **જૂઠી સાક્ષી સંબંધી:**— બીજાને નુકસાન કરે એવી જૂઠી સાક્ષી પૂરવી નહિ. કોઇને દેહાંત શિક્ષા થતી હોય તે પ્રસંગે જયણા.

**પાંચ અતિચાર જાણવા ને ટાળવા :—**

(૧) **સહસાત્કાર :**— ઉતાવળે સ્વભાવે વગર વિચારે કલંક આપવું અને માર્મિક વચન બોલવું નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) રહસ્ય ભાષણ :– બીજાની ખાનગી વાત જાહેર કરવી નહિ. સી આઇ. ડી. તરીકે કામ કરવું નહિ.

(૩) સ્વદ્વારા મંત્ર ભેદ:–ગુપ્ત વાતો ખુલ્લી કરવી નહિ, પ્રાણ જાય તેવી વાતો કરવી નહિ, ચાડી ચુગલી કરવી નહિ.

(૪) મૃષા ઉપદેશ:– ડાહ્યા બનીને ખોટી સલાહ આપવી નહિ.

(૫) કુટ લેખ:–ખોટા દસ્તાવેજ કરવા, ખોટા ચોપડા બનાવવા વગેરે કાર્યો કરવાં નહિ.

# (૩) ત્રીજું સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત

## ( મોટી ચોરી કરવી નહિ )

- રાજદંડ થાય–લોકનિંદા કરે–તેવી ચોરી કરવી નહિ. ખાતર, પાડવું નહિ, ખીસ્સા કાતરવાં નહિ લૂંટફાટ કરવી નહિ. રસ્તામાં પડેલી વસ્તુ લેવી નહિ જરૂર પડે તો જાહેર કરીને લેવી.

- જકાત, ટેક્ષોની ચોરી કરવી નહિ, જૂઠાં તોલ–માપની ગરબડ કરવી નહિ. વસ્તુની ભેળસેળ કરવી નહિ. લાંચ લેવી નહિ વકીલાત કરવી નહિ, માતાપિતા સાથે તેમ જ ધર્મ વગેરેમાં ઠગાઇ કરવી નહિ.

  પાંચ અતિચારો જાણીને ટાળવા:– (૧) ચોરીનો માલ લેવો નહિ. (૨) ચોરીનો ધંધો શીખાડવો નહિ. (૩) ભેળસેળ કરવી નહિ (૪) રાજ્ય વિરૂદ્ધ ચોરી કરવી નહિ. (૫) ખોટા સિક્કા પાડવા નહિ, ખોટા માપ રાખવા નહિ.

# (૪) ચોથું સ્થૂલ મૈથૂન વિરમણ વ્રત

- સ્વદારા સંતોષ ને પરસ્ત્રીનો ત્યાગ.

  (૧) શરીરથી ધારણા પ્રમાણે બ્રહ્મચર્ય પાળવું. (૨) પરસ્ત્રીનો ત્યાગ. તિર્યંચ, નપુંસક કે દેવગતિ સ્ત્રીનો ત્યાગ. (૩) કુમારિકા, વિધવા, વેશ્યા વગેરેનો ત્યાગ.

  (૪) સામાન્ય સ્પર્શ ને સ્વપ્ન દોષની જયણા.

### પાંચ અતિચાર જાણવા ને ટાળવા

(૧) અપરિગૃહિતાગમન :– કોઇએ પણ જે સ્ત્રીને ગ્રહણ કરી નથી એવી સ્ત્રી સાથે ગમન કરવું તે.

(૨) ઇત્વર પરિગૃહિતા ગમન કરવું :– વેશ્યા પ્રમુખ ને કોઇએ રાખી હોય તેની સાથે ગમન કરવું તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) અનંગ ક્રીડા :- સ્ત્રીઓના અંગોપાંગ જોવાં અને કામ-ચેષ્ટા કરવી તે.

(૪) પરવિવાહ કરણ :- પારકી છોકરીને કન્યાદાન આપવું તે.

(૫) તીવ્રાનુરાગ :- કામવાસનાની અતિ તીવ્ર ઈચ્છા કરવી તે.

* બ્રહ્મચર્ય પાલનનો લાભ :- નવ લાખ ગર્ભજ જીવો અસંખ્ય બેઈંદ્રિય તથા સંમૂચ્છિમ મનુષ્યોના અભયદાનનો એક સમયના બ્રહ્મચર્ય પાલનથી લાભ મળે છે. (સંબોધ પ્રકરણ)

# (૫) પાંચમું સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત

પરિગ્રહ નવ પ્રકારે છે.

**ધન - ધાન્ય - જમીન - મકાન - ચાંદી - સોનું -**
**૧ ૨ ૩ ૪ ૫ ૬**
**સર્વ ધાતુઓ - નોકરો - પશુપક્ષીઓ**
**૭ ૮ ૯**

गेही गेही मणंतं, परिहरिय परिगहे नवविहंमि ।
पंचमवएपमाणं, करिजइच्छाणु माणेणं ॥

ગૃહસ્થોએ અનંત વસ્તુઓ સંબંધી આસક્તિ, મૂર્છા-મમતાનો ત્યાગ કરીને પાંચમાં અણુવ્રતમાં નવ પ્રકારના પરિગ્રહ સંબંધમાં ઇચ્છાનુસાર નિયમ કરવો.

* પરિગ્રહના નિયમો જુદા જુદા ધારણા કરવાની અનુકૂળતા ન હોય તો સ્થાવર જંગમ મિલકત, ઘર, દુકાન, જમીન, રોકડ, દાગીના શેર, લોન, ફર્નીચર વગેરેની સર્વ મળી કિંમત નક્કી કરી લેવી ને વધારે પરિગ્રહ રાખવો નહિ. થાય તો પુણ્ય કાર્યમાં વાપરવું.

* રાખેલ પ્રમાણ કિંમત વધી જતાં તથા અજાણતા પ્રમાણમાં વધી જાય તેની જયણા, પછી પ્રમાણસર કરી લેવું. તેમજ સ્ત્રી, પુત્ર, પુત્રી વગેરેના નામ ઉપર કરી લેવું નહિ.

* **પરિગ્રહના પાંચ અતિચાર જાણવા ને ટાળવા.**

* ધન-ધાન્ય-પ્રમાણાતિક્રમ :- લેણ-દેણ કે વેપારમાં વધુ રકમ

(૨) ક્ષેત્ર પ્રમાણાતિક્રમ :- ખેતર કે મકાનમાં બેને એક કરી નાખવા અને ધારેલા પ્રમાણ કરતાં વધારે રાખવી નહિ.

(૩) રૂપું સોનું :- તોલમાપમાં ઓછું પાછું કરવું નહિ. ધારણા કરતાં વધે નહિ.

(૪) સર્વ ધાતુઓ :- ધાર્યા કરતાં વધારે થવા દેવી નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org










Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(५) દ્વિપદ ચતુષ્પદ :- દાસ, દાસી, ગાય, ભેંસ, પ્રમુખ પશુ, પક્ષીઓ પરિમાણથી વધારે રાખવા નહિ.

# (६) છઠું દિશા પરિમાણ વ્રત (પહેલું ગુણવ્રત)

( ગુણ કરે તે ગુણવ્રત કહેવાય )

+ **દશ દિશા છે. :** ઉત્તર-પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ - ઊંચે - નીચે-
१ २ ३ ४ ५ ६
ઇશાન- નૈઋત્ય-વાયવ્ય-અગ્નિ.
७ ८ ९ १०

+ દશે દિશામાં જવા આવવાના માઇલ અથવા કીલોમીટર ધારી લેવા. આપણે ભારત બહાર અમેરિકા, જાપાન, ઇંગ્લેન્ડ, ચીન, આફ્રિકા વગેરે દેશોમાં જવાના નથી, જવાની શકયતા નથી, છતાં ત્યાં જે કાંઇ પાપો થાય છે, તેના પાપોના ભાગીદાર બનીએ છીએ, માટે જેટલા માઇલ-કીલોમીટર રાખ્યા હોય તેનું જ પાપ લાગે માટે નિયમ લઇ પાપની ભાગીદારીમાંથી છૂટવું જોઇએ.

+ **દિશાના પાંચ અતિચારો જાણવા ને ટાળવા**

(१) પરિમાણથી વધુ ઉપર જવું નહિ.
(२) પરિમાણથી વધુ નીચે જવું નહિ.
(३) પરિમાણથી વધુ ચારે બાજુ જવું નહિ.
(४) એક દિશાનું પરિમાણ બીજી દિશામાં વધારવું નહિ.
(५) દિશા પરિમાણ ભૂલવું નહિ.

# (७) સાતમું ભોગોપભોગ પરિમાણ વ્રત

( **બીજું ગુણવ્રત** )

उवभोगो विगईओ तंबोलाहार पुष्प फलमाई
परिभोग वत्थुसुवन्न माईय इत्थियगेहाई

ભોગમાં વિગઇ, તંબોલ, આહાર, પુષ્પ, ફળાદિ વગેરે ગણાય છે. ઉપભોગમાં વસ્ત્ર-દાગીના-સ્ત્રી-મકાન વગેરે ગણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✤ **વિગઇના દશ પ્રકાર :**

મધ માખણ માંસ મદિરા [દારૂ] એ ચાર મહા વિગઇનો શ્રાવકે ત્યાગ
૧ ૨ ૩ ૪
કરવાનો છે.

દૂધ દહીં ઘી તેલ ગોળ અને કડા વિગઈ (તળેલી વસ્તુ) ૭ વિગઇમાં દરેકનો
૧ ૨ ૩ ૪ ૫ ૬
વારાફરતી અથવા બને તો ૭ વિગઇનો તેમજ ૧/૨/૩ વિગઇનો ત્યાગ કરવા ઉપયોગ રાખવો.

(૧) દૂધ વિગઇ ત્રણ પ્રકારે ત્યાગ થાય છે.

✤ મૂળથી ત્યાગ હોય તો દૂધ તેમજ દૂધની બનાવેલ તમામ વસ્તુઓનો ત્યાગ થાય છે.

✤ કાચી વિગઇ ત્યાગ હોય તો ફકત દૂધનો ત્યાગ થાય છે, માવો–બાસુંદી–બરફીની છૂટ.

✤ નિવિયાતી ત્યાગ હોય તો દૂધપાક માવો–બરફી વગેરેનો ત્યાગ થાય તો ફકત દૂધ વપરાય છે.

(૨) દહીં વિગઇ : ઉપર પ્રમાણે મૂળ તેમ જ કાચીનો, નિવિયાતીનો ત્યાગ કરાય છે.

(૩) ઘી વિગઈ : ઉપર પ્રમાણે મૂળ તેમજ કાચીનો, નિવિયાતીનો ત્યાગ કરાય છે.

(૪) તેલ વિગઇ : તલ, સરસવ, અળસી, કસુંબી ઘાસનું તેલ વગેરે તેલ વિગઇ કહેવાય છે, તેનો ત્યાગ પણ ત્રણ પ્રકારે મૂળથી તેમ જ કાચીનો, નિવિયાતીનો ત્યાગ થાય છે.

(૫) ગોળ વિગઇ : તે પણ ઉપર પ્રમાણે ત્રણ પ્રકારે મૂળથી તેમજ કાચીને નિવિયાતીનો ત્યાગ થાય છે.

(૬) કડા વિગઇ : ઘીમાં કે તેલમાં તળેલ હોય તે કડા વિગઇ છે. તેનો પણ ત્રણ પ્રકારે ત્યાગ થાય છે.

✤ વધુ જાણવા માટે ગુરુગમથી સમજી પોતાની ધારણાને યથાશકિત ત્યાગ કરવા ધ્યાન રાખવું. ઘણા મતાંતરો છે. વિગઇ વિકૃતિ કરે માટે બને તેટલો ઉપયોગ રાખી ત્યાગ કરવો.

✤ ચૌદ નિયમોની સમજણ (પુસ્તિકા નં. ૧ ની વાંચવી)

सच्चित्तदव्य विगई वाणह तंबोल वत्थकुसुमेसु ।
वाहन शयन विलेपन बंभदिशिन्हाण भत्तेसु ॥




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સચિત- દ્રવ્ય- વિગઇ- વાણહ (પગરખાં)- તંબોલ
૧ ૨ ૩ ૪ ૫

વસ્ત્ર - સૂંઘવાની વસ્તુઓ- વાહન - શયન - વિલેપન -
૬ ૭ ૮ ૯ ૧૦

બ્રહ્મચર્ય - દિશા - સ્નાન - ભોજનપાણી
૧૧ ૧૨ ૧૩ ૧૪

* નિયમો ધારવા માટે શ્રેણી નંબર ૧ ગૃહસ્થના છ કર્તવ્યોની મંગલમય નિયમાવલી ધારવાના કોઠા સાથે સમજણપૂર્વક છપાવેલી છે, તે મંગાવી, વાંચી નિયમો અવશ્ય ધારવા.

* બાવીસ અભક્ષ્યો: અનંતકાય વગેરે શ્રાવકોએ અવશ્ય ત્યાગ કરવાના છે, તે માટે શ્રેણી નંબર ૩ અવશ્ય વાંચવી.

* પંદર પ્રકારના કર્માદાન શ્રાવકે અવશ્ય ત્યાગ કરવા જોઇએ.

(૧) ઇંગાલ કર્મ : ચૂનો - ઇંટ - નળિયાં, કુંભાર - ભાડભુંજા - હોટલો - ફ્રામંસીઓ વગેરે ભઠ્ઠીથી થતાં કાર્યો કરવાં કરાવવાં ને તેનો વેપાર કરવો નહિ.

(૨) વન કર્મ :- વન-વાડી- બગીચા બનાવવા તેમજ- ફળ- ફૂલ- શાક- અનાજ- વનસ્પતિનો વ્યાપાર કરવો તે.

(૩) સાડી કર્મ :- ગાડી-ગાડાં-મોટર-જહાજ-વિમાન પોર્ટ વાહનો તૈયાર કરાવવાં ને તેનો વેપાર કરવો તે

(૪) ભાડી કર્મ :- ગાડી- ઘોડા- મોટર- સાઇકલ- રીક્ષા વગેરે ભાડે ફેરવવાનો ધંધો કરવો તે.

(૫) ફોડી કર્મ : કુવા- તળાવ- સરોવર- બંધ- બોરીંગ-વોટર વર્કસ વગેરે જમીન ફોડવાનો વેપાર કરવો તે.

(૬) દંતવાણિજ્ય :- કસ્તુરી, હાથીદાંત, મોતી, ચામડા, હાડકાં, શિંગડા, ખાતર વગેરે તેમ જ ત્રસ જીવોને મારી તેનાં અંગેનો વેપાર કરવો તે.

(૭) લાખ વાણિજ્ય :- લાખ, ગુંદર, સાબુ ખાર, હડતાલ, રંગો આદિનો વેપાર કરવો તે.

(૮) રસ વાણિજ્ય :- મધ, માંસ, માખણ, ઘી, તેલ, દૂધ, ગોળ, ખજૂર આદિનો વેપાર કરવો તે.

(૯) કેસ વાણિજ્ય :- પશુ-પંખીના કેશ, પીંછા, ઊંન વગેરેનો વેપાર કરવો તે.

૧૦) વિષ વાણિજ્ય :- અફીણ, ઝેર, સોમલ, દારૂગોળો, બંદુક, તલવાર, ભાલા, તીર, કસ્તુર, હળ કોદાળી, પાવડા વગેરેનો વેપાર તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૧) **યંત્ર પિલણ કર્મ** :- મીલ, જીન, સંચા, ઘાણી, ઘંટી વગેરે પીલવાનો ધંધો કરવો તે.

(૧૨) **નિર્લાંછન કર્મ** :- પશુ-પંખીનાં પૂંછડાં કાપવાં, ડામ દેવા, પીઠ ગાળવી, ખસી કરવી વગેરે કરવું તે.

(૧૩) **દવ કર્મ** :- દવમાં, સીમમા, ખેતરમાં, જંગલમાં અગ્નિદાહ દેવો નહિ.

(૧૪) **શોષણ કર્મ** :- કુવા, તળાવ, સરોવર, ટાંકા, ભોંયરા વગેરે સ્થળે પાણીનું શોષણ કરાવવું નહિ.

(૧૫) **અસતી પોષણ કર્મ** :- કુતરા, બિલાડા, મેના, પોપટ, વેશ્યા સ્ત્રીઓ પોષવાં નહિ.

- આજીવિકા ચાલે નિષ્પાપ જીવન જીવાય તે રીતે વ્યાપાર વ્યવહાર, પાપનો ડંખ રાખી યથાશકિત નિયમો લઇ વિરતિવંત શ્રાવક બનવા લક્ષ રાખવું, સ્નેહાધીન બધા નિયમો ન લેવાય તો પણ થોડા નિયમો લઇ શકાય છે.

### પાંચ અતિચાર જાણવા ને ટાળવા :

(૧) સચિત્ત આહાર ભક્ષણ : સચિત્ત (જીવવાળી વસ્તુ) વસ્તુ વાપરવી તે.

(૨) સચિત્ત પ્રતિબધ્ધ ભક્ષણ : સચિત્તના ભેળસેળવાળી વસ્તુ વાપરવી તે.

(૩) અપકવાહાર ભક્ષણ : કાચો આટો કે નહિ પાકેલી વસ્તુ ખાવી તે

(૪) દુષ્પકવાહાર ભક્ષણ : અડધી કાચી પાકી વસ્તુ વાપરવી તે. (પોંક વગેરે)

(૫) તુચ્છૌપધિ ભક્ષણ : અસાર ફળફળાદિ વગેરે ખાવા તે.

## (૮) આઠમું અનર્થ દંડ વિરમણ વ્રત

### (ત્રીજું ગુણવ્રત)

अवज्झाण पावउएस, हिंसवाणप्पमाया चारिएहिं ।
चंचउहासो मुक्कइ, गुणवयं भवे तईयं ॥

### ખરાબ આર્ત્ત રૌદ્રધ્યાન-પાપનો ઉપદેશ
૧ ૨

### હિંસાનુદાન-પ્રમાદવાળું આચરણ
૩ ૪

ચાર પ્રકારના ત્યાગરૂપ ત્રીજું ગુણ વ્રત છે.

શરીર કુટુંબાદિ માટે ફરજ બજાવવા જે કાર્યો કરાય તે અર્થ દંડ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના સ્વાર્થે, નાહક જેમાં આપણને કશો લાભ જ થવાનો નથી, તેવાં કાર્યોમાં કર્મ બંધ થાય તે સર્વે અનર્થ દંડ છે.

- પશુ-પક્ષી-કુતરાં-બિલાડાં-હાથી-ઘોડા-કૂકડા આખલા વગેરે પાળવા નહિ, લડાવવા નહિં. લડતા હોય તો જોવા જવું નહીં.
- પાના-શેતરંજ-સોગઠાબાજી-ગંજીફા-વગેરે રમવા નહિ, ઘટી હળ-હથિયારો-ખાંડણિયા વગેરે કોઈને આપવા નહિ, તેમ જ તેનો વ્યાપાર કરવો નહિ.
- હોળી-પુજન-દારૂખાનું-યજ્ઞો-પશુવધો-તાબુત-મલકુસ્તી – જપ્તી – નાચ, તમાસા, રામલીલા, સીનેમા, સરકસ, ટી. વી. રેડિયો, ઘોડાની રેસ વગેરે જોવા જવા નહિ, લીલી લનસ્પતિ ઉપર બેસવું નહિ. સ્ત્રીકથા, ભોજનકથા વગેરે કરવી નહિ.
- આર્તધ્યાન, રૌદ્રધ્યાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહિ. તેમ કરવાથી ન લેવાદેવાથી કર્મબંધન થાય છે. બીજાને પાપો થાય તેવી સલાહ આપવી નહિ. તેમજ હિંસા થાય તેવી વસ્તુઓ આપવી નહિ. તેમ જ મદ, વિષય, કષાય, નિંદા, વિકથાને પ્રમાદાચરણથી અનેક કર્મ બંધ થાય છે તે પ્રવૃતિ કરવી નહિં.

### ❖ અનર્થ દંડના પાંચ અતિચાર જાણવા ને ટાળવા :

(૧) કંદર્પ :- કામ વિકાર ઉત્પન્ન થાય, રાગદ્વેષાદિને પોષણ મળે એવા હાસ્યાદિ વચનો બોલવાં નહિ.

(૨) કૌકુચ્ચ :- સ્વપરનો મોહ ઉત્પન્ન થાય તેવી ચેષ્ટાઓ કરવી નહિં.

(૩) મૌખર્ય : વાચાળપણું, એક બીજાને લડાવી મારવા, તેવી વસ્તુ બોલવી નહિં.

(૪) અધિકરણ :-બંદુક, તલવાર, પિસ્તોલ, ઘંટી, ચપ્પુ, છરી વગેરે અધિકરણો રાખવાં નહિ, તેમ બીજાને આપવાં નહિ.

(૫) ઉપભોગારિકત :- પોતાની જરૂરિયાત કરતાં અધિક વસ્તુઓનો સંગ્રહ કરવો નહિ.

# (૯) નવમું સામાયિક વ્રત
## ( પહેલું શિક્ષા વ્રત )

પહેલું શિક્ષાવ્રત : આત્મસ્થિરતા જેમાં વારંવાર મળે તે.

सामाइयमिहपठम, सावज्जे जथ्थ वज्जिय जोग ।
समाणणं होइ समो, दसेण देस विरओपि ।।

જેમાં સાવદ્ય વ્યાપારોનો ત્યાગ કરાય છે, તે સાધુ સરખો ગૃહસ્થ હોય છે. તે પ્રથમ શિક્ષાવ્રત સામાયિક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- સામાયિકનો સમય ૪૮ મિનિટનો છે (એક મુહૂર્ત=બે ઘડી) સમ–આય–ઇક–સમ પરિણામે–રાગ દ્વેષની ગૌણતાવાળી સ્થિરતા અને જ્ઞાનાદિકનો લાભ થાય તે સામાયિક છે.
- સામાયિકમાં વાંચન–સ્વાધ્યાય ને ધર્મ શ્રવણ કાળ વ્યતીત કરવાં, ઘર સંબંધી, વ્યવહાર–વ્યાપાર સંબંધી મન, વચન, કાયાના યોગોને સ્થિર કરી રહેવું. પુણિયાનું સામાયિક પ્રભુએ વખાણ્યું હતું તેવા મહાપુરુષોની કથાઓ વાંચી સમજાવતાં વૃદ્ધિ થાય તે રીતે સામાયિક કરવું. સામાયિક વ્રતના પાંચ અતિચાર જાણવા ને ટાળવા. (વધુ માટે પુસ્તિકા નંબર ૮ વાંચવી.)

(૧) **મન દુઃપ્રણિધાન** :– મનમાં કુવિકલ્પ કરવા ને ખોટા વિચારો કરી દુષ્ટ રીતે પ્રવર્તાવવું તે.

(૨) **વચન દુઃપ્રણિધાન** :– પાપવાળાં વચનો બોલવાં તે કર્કશ વચનો કહેવાય તે.

(૩) **કાયા દુઃપ્રણિધાન** :– કાયાથી ઇશારા કરે, ઊંઘે, ભીંતે ટેકો લઇ બેસે વગેરે ચેષ્ટા કરવી તે.

(૪) **અનવસ્થા દોષ** :– સામાયિકના ટાઇમનો ખ્યાલ ન રાખે, અનાદરપણે સામાયિક કરે તે.

(૫) **સ્મૃતિરહિત** :– નિંદ્રા લેવી તે, સામાયિકનો ટાઇમ પૂરો થયો કે નહિ તે ખ્યાલ કરે નહિ, ભૂલી જાય તે. (વધુ માટે શ્રેણી નં. ૮ વાંચવી.)

# (૧૦) દસમુ દેશાવગાસિય વ્રત

## (બીજું શિક્ષા વ્રત)

- સર્વ વ્રતો, નિયમોનો સંક્ષેપ કરવો તેમજ દિશાઓનો ત્યાગ કરી ધાર્મિક સ્થળ કે અમુક સ્થળમાં રહી ધર્મધ્યાન કરવું, તે આ વ્રતમાં ધારવાનું છે.

  (૧૪ નિયમો માટે પુસ્તિકા નંબર ૧ વાંચવી.)

- આ વ્રતમાં ચૌદ નિયમો ધારવાના છે, તેમજ ગૃહ વ્યાપારના આરંભ સમારંભ છોડીને એકાસણું, આયંબિલ, ઉપવાસાદિક તપ કરી દિવસમાં ૮ સામાયિક ૨ પ્રતિક્રમણ સહિત દશ સામાયિક કરાય છે. વરસમાં એક–બે–ચાર કરવાનાં છે

### ◆ દેશાવગાસિય વ્રતના પાંચ અતિચારો જાણવા ને ટાળવા :

(૧) આણવણ પ્રયોગ :- ધારેલ ભૂમિ ઉપરાંત ભૂમિમાથી વસ્તુ મંગાવવી તે.

(૨) પેશવણ પ્રયોગ :– હદ બહાર વસ્તુ મોકલવી તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) સદ્દાણુ વાય :– ખોંખરો કરીને હદ બહારથી વસ્તુ મંગાવવી તે.

(૪) રૂપાણુ વાય :- રૂપ દેખાડીને હદ બહારથી વસ્તુ મંગાવવી તે.

(૫) પુગ્ગલપખેવ :– કાંકરો નાખી, ઇશારો કરી હદ બહારથી વસ્તુ મંગાવવી તે.

- આનંદ, કામદેવ વગેરે શ્રાવકો, સુલસા રેવતી આદિ શ્રાવિકાઓએ જે રીતે વ્રતો લઇ પાળ્યા, તે રીતે હું પણ વ્રતો લઇ જીવનને સફળ ક્યારે બનાવું ?
- શકિત હોય તો તે મુજબ ૧–૨–૩ વ્રતો લઇને માનવજીવનનો સદુપયોગ કરવો તે જ જીવન મળ્યાની સફળતા છે.
- જેવો ગુણ કે દોષનો અભ્યાસ આ ભવમાં પાડીએ તેવો અભ્યાસ આવતા ભવમાં આવે, તે પરંપરાએ કર્મ મુકત થઇ પરમ સુખને પ્રાપ્ત કરીએ.

# (૧૧) અગિયારમું પૌષધ વ્રત

## (ત્રીજું શિક્ષા વ્રત)

आहार देह सक्कार गेहवावार विरइबंभेहिं ।
पव्वदिणाणुट्ठाणं, तईयं पोसहवयचउहा ॥

- આહાર, શરીર સત્કાર, ગૃહ વ્યાપાર અને અબ્રહ્મચર્ય એ ચારથી પાછા હટવું તે પૌષધ. આત્મગુણને પોષણ આપે, પુષ્ટિ કરે તે પૌષધ તે પર્વના દિવસે અવશ્ય કરવો જોઇએ. ચાર પહોર કે આઠ પહોરના સામાયિક સાથે પૌષધ ઉચ્ચારવાનો છે. પૌષધમાં ઉપવાસ, આયંબીલ કે એકાસણાનું તપ કરવાનું છે.
- પૌષધના પાંચ અતિચાર જાણવા ને ટાળવા :

(૧) અપ્પડિલેહિય સજ્જા સંથારએ :– જીવોની હિંસા ન થાય તે પ્રમાણે માતરું, સ્થંડિલ, કફાદિનો ત્યાગ કરે.

(૨) અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત :– સંથારાઆદિ ઉપાધિને કે જરૂરિયાત વસ્તુ વાપરવા જોઇ પ્રમાર્જન કરી વાપરે.

(૩) અપ્રતિલેખિત-દુઃપ્રતિલેખિત :-જોયા કે પ્રમાર્જ્યા વગર સંથારો કરવો તે.

(૪) પૌષધવિધિ–વિપરિતતા :– પૌષધમાં અનાદર, હૃદયમાં પ્રેમ કે લાગણી વિના ક્રિયા કરવી તે.

(૫) પૌષધ વિસ્મૃતિ :– પૌષધ કર્યો કે નહિ તેની વિસ્મૃતિ થવી, તે ભૂલી જવું :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૧૨) બારમું અતિથિ સંવિભાગ વ્રત

(ચોથું શિક્ષા વ્રત)

तिथिपर्वोत्सवाः त्यक्तवायेन महात्मना ।
अतिथितं विजानियाच्छेषमभ्यागतं विदुः ॥

આજે તિથિ છે, પર્વ છે, માટે અમુક ખાવું કે અમુક ન ખાવું, સારા વસ્ત્રો અલંકારો ધારણ કરવા, તે સર્વનો મહાત્માએ ત્યાગ કરેલો છે. તે મહાત્મા ને અતિથિ જાણવા, તે સિવાયના સૌ અભ્યાગતો છે.

+ આ વ્રત પૌષધ આઠ દિવસના ઉપવાસ સહિત બીજે દિવસે પારણે એકાસણું. સાધુ મહાત્મા વહોરે તેટલું જ વાપરે તે અતિથિ સંવિભાગ છે. સાધુની ગેરહાજરીમાં શ્રાવકને જમાડી વ્રત કરી શકાય છે. વરસમાં એક, બે વાર યથાશક્તિ શ્રાવકે કરવાના છે.

+ **બારમા વ્રતના પાંચ અતિચાર જાણવા ને ટાળવા :**

(૧) સચિતનિક્ષેપ :–અચિત વસ્તુ સચિત વસ્તુમાં નાંખી વહોરાવવી.

(૨) સચિત પિધાનઃ–સચિત વસ્તુ વડે ઢાંકેલી વસ્તુ વહોરાવવી.

(૩) અન્ય વ્યપદેશઃ–નહિ આપવાની બુદ્ધિથી બીજાની વસ્તુ કહેવી.

(૪) સમત્સરદાન :-ક્રોધ ઇર્ષાથી દાન આપવું તે.

(૫) કાલાતિક્રમ :– ગોચરીનો સમય થઇ ગયા પછી વહોરાવવાનો આગ્રહ કરવો.

+ વધુ માટે ગુરુગમથી સમજી લઇ-લેવા આદર કરવો.

+ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તે બદલ ક્ષમા.

હર્ષા પ્રિન્ટરી, મુંબઇ-૯. ફોન : ૮૬૫૬૮૮-૮૬૫૫૬૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org